(Tauktae વાવાઝોડું)
વર્ષ: ૨૦૨૧-૨૨ના અંદાજપત્ર (મહેસૂલ)માંથી **રાજ્ય બજેટ**માંથી ગ્રાન્ટ ફાળવવા બાબત

ગુજરાત સરકાર,
મહેસૂલ વિભાગ,
**હુકમ ક્રમાંક: બજટ/૧૦૨૦૨૧/૧૮૮/સ-૪**
સચિવાલય, ગાંધીનગર
તા.૨૮/૦૫/૨૦૨૧

વંચાણે લીધા:
(૧) નાણા વિભાગનો તા.૦૩.૦૪.૨૦૨૧નો પરિપત્ર ક્રમાંક:અપબ/ ૧૦૨૦૨૦/ ૧૧૧/ ક
(૨) મહેસૂલ વિભાગનો તા.૨૭.૦૪.૨૦૧૫ના ઠરાવ ક્રમાંક: સીએલએસ/૧૦૨૦૧૨/૨૫૩/સ.3
(3) મહેસૂલ વિભાગનો તા.૧૮.૦૩.૨૦૨૧ના ઠરાવ ક્રમાંક: સીએલએસ/૧૦૨૦૧૨/૨૫૩/સ.3
(૪) મહેસૂલ વિભાગનો તા. ૧૯.૦૫.૨૦૨૧ના ઠરાવ ક્રમાંક: સીએલએસ/૧૦૨૦૨૧/૪૬૮/સ.3
(૫) મહેસૂલ વિભાગનો તા. ૩૦.૦૬.૨૦૧૭ના ઠરાવ ક્રમાંક : સીએલએસ/૧૦૨૦૧૭/GOI-42/સ.3
(૬) મહેસૂલ વિભાગની ફાઇલ ક્રમાંક: CLS/102021/472/S-3 પર મળેલ State Executive Committeeની મંજૂરી.

**હુકમ :**

Tauktae વાવાઝોડાથી અસરગ્રસ્ત થયેલ નીચેના કોષ્ટકમાં દર્શાવેલ જિલ્લાઓને માંગણી ક્રમાંક: ૭૯, મુખ્ય સદર: ૨૨૪૫ હેઠળના પેટા મુખ્ય સદર-૦૨ (પુર, વાવાઝોડું)હેઠળ નીચેના કોષ્ટકમાં વિગતવાર દર્શાવ્યા મુજબના પેટા સદરોમાં **કુલ રૂપિયા ૧૪૧૦૦.૦૦ લાખ (અંકે રૂપિયા એકસો એકતાલીસ કરોડ પુરા)**ની ફાળવણી **રાજ્ય બજેટમાંથી** નીચેની શરતોને આધીન કરવામાં આવ છે.

(રૂ.લાખમાં)

| ક્રમ | જિલ્લા | કેશડોલ્સ (૦૨-૧૧૧-૦૧) | | | ઘરવખરી (૦૨-૧૦૧-૦૪) | | | મકાન/ ઝુંપડા સહાય (૦૨-૧૧૩-૦૩) | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | C4 | C5 | C4+C5 | C4 | C5 | C4+C5 | C4 | C5 | C4+C5 | **Total** |
| 1 | અમરેલી | 350 | 150 | 500 | 140 | 60 | 200 | 5000 | 2500 | 7500 | 8200 |
| 2 | આણંદ | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 50 | 50 | 100 | 100 |
| 3 | ભાવનગર | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 350 | 100 | 450 | 450 |
| 4 | ગીર સોમનાથ | 0 | 0 | 0 | 800 | 200 | 1000 | 2300 | 1968 | 4268 | 5268 |
| 5 | નવસારી | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 80 | 2 | 82 | 82 |
| **Total** | | 350 | 150 | 500 | 940 | 260 | 1200 | 7780 | 4620 | 12432 | 14100 |

12500

**શરતો:-**

- માંગણી ક્રમાંક :૭૯, મુખ્ય સદર : ૨૨૪૫-૦૨-૧૧૧-૦૧(કેશ ડોલ્સ)અંગેની સહાય વંચાણે લીધેલ ક્રમ (૪)પર જણાવેલ તા.૧૯.૦૫.૨૦૨૧ના ઠરાવ મુજબ રોકડેથી ચૂકવવાની રહેશે, અન્ય તમામ સદરોની સહાય વંચાણે લીધેલ ક્રમ (૫)ના ઠરાવની જોગવાઇ મુજબ DBT અથવા PFMS મારફતે જ ચૂકવવાની રહેશે.
- આ હૂકમથી ફાળવવામાં આવેલ ગ્રાન્ટની લાભાર્થીઓને ચૂકવણી કરતી વખતે વંચાણે લીધા (૨)ની જોગવાઇઓ/શરતોનું પાલન કરવાનું રહેશે.
- ફાળવેલ ગ્રાન્ટ અંગેના વપરાશનું પ્રમાણપત્ર આપવાનું રહેશે.

આ હુકમથી ફાળવવામાં આવેલ SDRF હેઠળની ગ્રાન્ટ તથા અન્ય યોજના હેઠળની ગ્રાન્ટ સાથે બેવડાય નહિ તેની તકેદારી રાખવાની રહેશે.

- આ હુકમથી ફાળવેલ ગ્રાન્ટ કરતા વધુ ખર્ચ કરનાર અધિકારીશ્રીઓને જવાબદાર ગણવામાં આવશે. ફાળવેલ ગ્રાન્ટનો ખર્ચ મોડામાં મોડા ચાલુ નાણાકીય વર્ષની ૧૦મી માર્ચ સુધીમાં પૂર્ણ કરી અત્રે જાણ કરવાની રહેશે. જે અંગેની જાણ નહીં કરવામાં આવે તો ગ્રાન્ટ ૧૫ મી માર્ચે પરત મેળવી લેવામાં આવશે.
- આ અંગેના તમામ હિસાબો રાહત નિયમકની મુખ્ય હિસાબી અધિકારીશ્રીની કચેરીના હસ્તકની આર.એ.સેલને નિભાવવાના થતા હોઇ,કરેલ ખર્ચના હિસાબો પછીના માસની પાંચ તારીખ સુધીમાં રાહત નિયામકશ્રીની કચેરી,ગાંધીનગરને અચૂક મોકલવાના રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હૂકમથી અને તેમના નામે,

(જયેશ પંચાલ)
સેકશન અધિકારી
મહેસૂલ વિભાગ, ગુજરાત સરકાર

પ્રતિ,
કલેકટરશ્રી,
અમરેલી, આણંદ, ભાવનગર, ગીર સોમનાથ, નવસારી.

**નકલ રવાના :**

- એકાઉન્ટન્ટ જનરલશ્રી ,અમદાવાદ/રાજકોટ
- નાયબ એકાઉન્ટન્ટ જનરલશ્રી,ઑડીટ ભવન સામે, નવરંગપુરા, અમદાવાદ
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, ઑડીટ-૧, એનેક્ષી બિલ્ડીંગ, રાજકોટ
- જિલ્લા તિજોરી અધિકારીશ્રી, અમરેલી, આણંદ, ભાવનગર, ગીર સોમનાથ, નવસારી.
- સેકશન અધિકારીશ્રી(સ-૩) શાખા તરફ જાણ સારૂ.
- મુખ્ય હિસાબી અધિકારીશ્રી, રાહત નિયામકશ્રીની કચેરી, મહેસૂલ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સિલેકટ ફાઇલ